

વિનય નૃત્ય કલા કેન્દ્ર ના કલાકારો એ જન્માષ્ટમી ઉત્સવ માં ક્રિષ્નન ના નૃત્યો કરી પૂજા કરી તેમાં કુ ક્રિષ્ના વૈદ્ય જે નૃત્યકાર. સંગીતકાર તેમજ ચિત્રકાર છે તેને ગણા મેડલો લીથાછે દૂરદર્શન તેમજ ભા ર ત માં નૃત્યો રજૂ કર્યા છે તેમજ ખ્યાતિ વૈદ્યં વ્યાસ એ પૂજારૂપે નૃત્ય કરી જન્મદિવસ ભગવાન નો ઉજવાયો ખ્યાતિએ સિંગાપુર આફ્રિકા ના ગા ના સિટી મો પ્રોગ્રામ અપાયા

## શ્રેય હોસ્પિટલના સંચાલક ભરત મહંતની ધરપકડ બાદ જામીન મંજૂર

(પ્રતિનિધિ)અમદાવાદ,તા.૧૩

અમદાવાદના નવરંગપુરામાં આવેલા શ્રેય હોસ્પિટલમાં અગ્નિકાંડમાં ૮ દર્દીઓના મોત થયા હતાં. આ હોસ્પિટલના સંચાલક અને મુખ્ય આરોપી ભરત મહંતની ધરપકડ બાદ અમદાવાદ સિટી સિવિલ એન્ડ સેશન્સ કોર્ટે ૧૫ હજારના પર્સનલ બોન્ડ મંજૂર કરી મુકત કર્યા છે. જો કે શ્રેય હોસ્પિટલમાં લાગેલી આગ પ્રકરણમાં રાજ્યસરકારે હાઇકોર્ટના નિવૃત જજ કે.એ. પૂજની અધ્યક્ષતામાં તપાસ પંચ રચ્યુ છે. આ તપાસ પંચ ત્રણ મહિનામાં સમગ્ર પ્રકરણની તપાસ કરી રાજ્યસરકારને અહેવાલ સુપરત કરશે.

આ ચકચારી કેસમાં ચાર દિવસ બાદ અમદાવાદ મ્યુનિસિપલ કોર્પોરેશનની રિપોર્ટ બાદ પોલીસ ફરિયાદ દાખલ કરવામાં આવી હતી અને તેના ૨૪ કલાકમાં મુખ્ય આરોપી અને સંચાલક ભરત મહંતને રિમાન્ડ માટે જજના ઘરે રજૂ કરવામાં આવ્યાં હતાં. નવરંગપુરા પોલીસ દ્વારા આરોપીની તપાસ માટે ૫ દિવસના રિમાન્ડની માગ કરવામાં આવી હતી. જોકે કોર્ટે આરોપીના રિમાન્ડ નામંજૂર કરતા જામીન અરજી દાખલ કરવામાં આવી હતી જેને કોર્ટે માન્ય રાખતાં આરોપીને ૧૫ હજારના પર્સનલ બોન્ડ પર મુક્ત કરવામાં આવ્યાં છે. નોંધનીય છે કે ગત શુક્રવારના રોજ સવારે ૩ વાગ્યે અમદાવાદના નવરંગપુરામાં આવેલા શ્રેય હોસ્પિટલમાં આગની ઘટના બની હતી. જેમાં કોરોનાની સારવાર લઈ રહેલા ૮ દર્દીઓના મોત નીપજ્યાં છે, પોલીસે ઘટનાને અનેક દિવસો વિત્યા બાદ ફરિયાદ નોંધી હતી. હોસ્પિટલના મુખ્ય ટ્રસ્ટી ભરત મહંત સામે આઇપીસી ૩૩૬, ૩૩૭, ૩૩૮ અને ૩૦૪ અ મુજબ ગુનો દાખલ ધરપકડ કરી હતી. જોકે કોઈ કાચું ન કપાય તે માટે અન્ય ડિવિઝનના એસીપીને આ તપાસ સોંપાઈ છે. અત્યાર સુધીની તપાસમાં એવું સામે આવ્યું છે કે ફાયર એસ્ટીગ્યુસર્સનો ઉપયોગ ફરજ પરના સ્ટાફે કર્યો ન હતો. કારણકે આ અંગેની તાલીમ તેઓને અપાઈ ન હતી. જે મુખ્ય સંચાલકની બેદરકારી પણ ગણી શકાય તેવુ માની પોલીસે ગુનો નોંધ્યો હતો. ઉત્તર અને દક્ષિણ આવેલી દીવાલો ફિટ કરવાથી આગનો ધુમાડો બહાર નીકળી શક્યો ન હતો અને ફાયર એનઓસી ન હોવાના કારણે ફાયર ઓડિટ થઈ શક્યું નહોતું. ફાયર એલાર્મ પણ ન હોવાથી આગના કારણે લોકોના જીવ ગયા હતા. હોસ્પિટલમાં ૮૬ ટકા હિસ્સો ભરત મહંતનો હોવાથી તેની સામે ગુનો નોંધાયો હતો પોલીસે હોસ્પિટલના માત્ર એક જ ટ્રસ્ટી સામે બેદરકારીનો ગુનો દાખલ કરી સંતોષ માની લઈ વધુ તપાસ શરૂ કરી હતી. ત્યારે ટ્રસ્ટી ભરત મહંતની ધરપકડ કરીને રિમાન્ડ મેળવાની તજવીજ હાથ ધરી હતી. પરંતુ કોર્ટે રિમાન્ડ નામંજુર કરતા આરોપીના જામીન મંજૂર કર્યા છે. સુરતમાં અગ્નિકાંડ થયો હતો અને મોટી સંખ્યમાં બાળકોના મોત નીપજ્યાં હતા ત્યારે આરોપીઓને વહેલી તકે જામીન આપવામાં આવ્યાં નહી પરંતુ આ કેસમાં આરોપીના ખૂબ જ વહેલા જામીન મંજૂર કરવામાં આવ્યાં છે.

ભરત મહંતના ઇતિહાસની વાત કરીએ તો તેઓ ૧૯૯૭માં પોરબંદરની કુતિયાણા બેઠકથી ચૂંટણી લડ્યા હતા. કરસન ઓડેદરાની સામે ભરત મહંત કોંગ્રેસ તરફથી લડ્યા હતા. ગત લોકસભા ચૂંટણી વખતે ભરત મહંત ભાજપમાં જોડાયા હતા. આ ઉપરાંત શ્રેય હોસ્પિટલનાં ટ્રસ્ટીઓની વાત કરીએ તો, ભાજપના ભરત મહંત, ડોક્ટર કિર્તીપાલ વિસાણા, ડોક્ટર ભાર્ગવ મહારાજા, સુપ્રાટેક લેબના સંદીપ શાહ, ડોક્ટર તરંગ પટેલ, મહેશ ઓડેદરા છે. જો કે રાજ્યના ગૃહ સચિવ સંગીતાસિંઘ અને અધિક મુખ્ય સચિવ મુકેશપુરીએ રાજ્યસરકારને રિપોર્ટ સોંપ્યો હતો ત્યારબાદ રાજ્યસરકારે સમગ્ર પ્રકરણની તપાસ માટે જ્યુડિશિયલ ઇન્કવાયરીના આદેશ આપ્યા હતા. જેના ભાગરૂપે રાજ્યસરાકેર નિવૃત જજ કે.એ.પુજના વડપણ હેઠળ પંચની રચના કરી છે.

## વડોદરામાં કાગળ પર કોરોના કાબૂમાં માહિતી આપવા પર રોક લગાવાઈ

વડોદરા,તા.૧૩

વડોદરા શહેરમાં જે રીતે કોરોના ફાટી નીકળ્યો છે તેમાં કઈ સોસાયટી વિસ્તારમાં કેસ નથી તે શોધવુ મુશ્કેલ થઈ ગયુ છે. ડોક્ટરો સહિતના પેરામેડિકલ સ્ટાફની આટલી મોટી ફૌજ ધરાવતુ કોર્પોરેશનનુ આરોગ્ય ખાતુ કોરોનાના સંક્રમણને ફેલાતુ રોકવામાં ઝીરો સાબિત થયુ છે. ત્યારે પોતાની આ ગંભીર બેદરકારી સમાન નિષ્ફળ કામગીરીના પોપડા ન ઉખડે તે માટે તંત્ર હવે વિગતો છૂપાવવામાં પસીનો પાડી રહ્યું છે. ફાયર બ્રિગેડ પછી હવે સ્મશાનમાંથી પણ માહિતી નહીં આપવા ફતવારૂપી મૌખિક આદેશો જારી કરી દીધા છે. રોજ કોરોનાથી કોવિડ હોસ્પિટલોમાં ૨૦થી વધુ દર્દીઓ મરી રહ્યા છે, પરંતુ આરોગ્ય વિભાગ સરકાર સમક્ષ પોતાની સારી છાપ ઉપસાવવા વડોદરામાં કોરોના કન્ટ્રોલમાં હોવાનુ કાલ્પનિક ચિત્ર રજૂ કરવામાંથી ઉચુ આવતુ નથી અને રોજેરોજના મોતને કારણે આરોગ્ય વિભાગનો ભાંડો ફૂટી ન જાય તે માટે હવે માહિતી આપવા પર રોક લગાવી દીધી છે. હવે આરોગ્ય વિભાગ હાશકારો લેશે કારણ કે, કોરોના હવે કાગળ પર કાબૂમાં આવી જશે.

આરોગ્ય વિભાગ જમણો હાથ ઉંચો કરીને પોતાની જ પીઠ થપથપાવે તો નવાઈ નહીં. એક વ્યક્તિથી બીજી વ્યક્તિ અને બીજી વ્યક્તિથી સમુહમાં ખુબ ઝડપથી ફેલાતા કોરાના વાઈરસ બાબતે લોકોને જાગૃત કરવાને બદલે વિગતો છૂપાવીને આરોગ્ય ખાતુ કયુ તીર મારી રહી છે ? તે લોકોને સમજાતુ નથી. છેલ્લાં કેટલાય દિવસોથી જે રીતે મોતનો આંકડો ઉંચે જવા લાગતા કોરોનાના સંક્રમણને ફેલાતુ રોકવામાં નિષ્ફળ ગયેલા આરોગ્ય વિભાગમાં ધ્રુજારો આવી ગયો હતો.

આખરે કોઈ પણ હિસાબે કોરોનાને લગતી માહિતી જાહેર ન થાય તે માટે આરોગ્ય વિભાગે એડી ચોટીનુ જોર વગાવ્યુ હતુ. ગઈકાલ સોમવારથી ફાયર બ્રિગેડમાં શબવાહીનીના રજિસ્ટરમાંથી માહિતી આપવા પર મૌખિક સેન્સરશીપ લગાવી દીધી હતી. એટલેથી પણ આરોગ્ય વિભાગનુ પેટ ન ભરાતા આખરે સ્મશાનોમાંથી પણ વિગતો આપવા પર આજે રોક લગાવી દીધી હતી. એકક તરફ શહેરમાં રોજેરોજ ૨૦ થી પણ વધુ દર્દીઓ મોતને ભેટી રહ્યાં છે ત્યારે કોરોનાના ટેસ્ટ વધારવા, શહેરનો એક પણ નાગરિક ટેસ્ટ વિના ન રહી જાય તે રીતની સગવડ ગોઠવવા સહિતની ચિંતા કરવાને બદલે આરોગ્ય વિભાગ માહિતી જાહેર ક્યાંથી થાય છે ? તે બંધ કરાવવામાં પડયુ હતુ અને આખરે તેમાં આરોગ્ય વિભાગને સફળતા મળી હતી. હવે કાગળ પર કોરોના કાબૂમાં આવી જશે. આરોગ્ય વિભાગ હવે પોતાની જ પીઠ થપથપાવશે.

### ૧૫મી ઓગસ્ટના ધ્વજવંદનનો કાર્યક્રમ સાદાઈથી ઉજવાશે

## સ્વાતંત્ર્ય પર્વના દિવસે રાજભવનમાં નહીં યોજાય એટ હોમ કાર્યક્રમ

(પ્રતિનિધિ) અમદાવાદ,તા.૧૩

રાજ્યમાં કોરોના વાયરસના સતત વધી રહેલા સંક્રમણને કારણે આ વખતે ૧૫મી ઓગસ્ટ સ્વાતંત્ર્ય પર્વની ઉજવણી સાદાઈથી કરવામાં આવશે. ગાંધીનગરમાં આ વખતે રાજ્યકક્ષાનો સ્વાતંત્ર્ય પર્વ યોજાવાનો છે. જેમાં મુખ્યપ્રધાન વિજય રૂપાણી હાજરી આપવાના છે. આ વખતે કોરોનાને લીધે કાર્યક્રમની અંદર સોશિયલ ડિસ્ટેન્સિંગનું પાલન કરવામાં આવશે. તો કાર્યક્રમમાં હાજરી આપનાર દરેક લોકો માસ્ક પહેરીને હાજરી આપશે. આ વચ્ચે આ વખે સ્વાતંત્ર્ય પર્વના દિવસે રાજભવનમાં એટ હોમ કાર્યક્રમ પણ યોજાશે નહીં.

૧૫મી ઓગસ્ટના દિવસે સાંજે રાજભવનમાં રાજ્યપાલ દ્વારા એટ હોમ (સ્નેહમિલન) કાર્યક્રમ યોજાતો હોય છે. આ કાર્યક્રમમાં મુખ્યપ્રધાન, કેબિનેટ પ્રધાનઓ, રાજયકક્ષાના પ્રધાનો, વિપક્ષના નેતાઓ સહિત અન્ય લોકો હાજરી આપતા હોય છે. પરંતુ આ વખતે કોરોના મહામારીને કારણે રાજભવનમાં એટ હોમ કાર્યક્રમ રદ્દ કરવાનો નિર્ણય લેવામાં આવ્યો છે.

મુખ્યપ્રધાન વિજય રૂપાણી ગાંધીનગરમાં યોજાનારા રાજ્યકક્ષાના ધ્વજ વંદન કાર્યક્રમમાં હાજરી આપશે. તો વિધાનસભાના સ્પીકર રાજેન્દ્ર ત્રિવેદી ખેડા જિલ્લામાં હાજરી આપશે. નાયબ મુખ્યપ્રધાન નીતિન પટેલ મહેસાણામાં હાજર રહેશે. અન્ય કેબિનેટ પ્રધાનઓમાં આરસી ફળદુ જામનગર, ભૂપેન્દ્રસિંહ ચુડાસમા અમદાવાદ, કૌશિક પટેલ આણંદ, ગણપત વસાવા સુરત, સૌરભ પટેલ બોટાદ, જયેશ રાદડિયા રાજકોટ, દિલીપ ઠાકોર પાટણ, ઈશ્વરભાઈ પરમાર તાપી, કુવરજી બાવળિયા સુરેન્દ્રનગર, જવાહર ચાવડા જૂનાગઢમાં હાજરી આપશે.

## જન્માષ્ટમી નિમિત્તે શ્રાવણીયો જુગાર રમતા ૧૦૦થી વધુ શખ્સોની ધરપકડ : રૂા. ૧૬.૮૯ લાખનો મુદ્દામાલ જપ્ત

વડોદરા,તા.૧૩

શહેર પોલીસ દ્વારા જન્માષ્ટમી પર્વની દરમિયાન અલગ અલગ સ્થળોએ દરોડા પાડવામાં આવ્યા હતા. પોલીસે જૂગાર રમતા ૧૦૦ થી વધુ આરોપીઓની ધરપકડ કરી હતી. પત્તાપાના મોબાઇલ ફોન રોકડ, વાહનો સહિત અંદાજે રુપીયા ૧૬,૮૯ લાખનો મુદામાલ કબ્જે લીધો હતો.

પ્રાપ્ત માહિતી અનુસાર પીસીબીના સ્ટાફે બાતમીના આધારે વાઘોડીયા રોડ રતનકુંજ સોસાયટીના મકાન નં. ૧૩માં રમાતા જુગાર પર દરોડો પાડયો હતો. પોલીસે મકાન માલિક સહિત ૮ જુગારીયાઓને દબોચી લીધા હતા. રોકડ મોબાઇલ ફોન પાંચ વાહનો પત્તાપાના સહીત અંદાજે રુપીયા ૧૦ લાખનો મુદામાલ કબ્જે લીધો હતો. પાણીગેટ પોલીસે જૂગાર ધારા હેઠળ મકાન માલિક સહિત રાજેશ સુંદર પરીખ, ગૌતમ હસમુખભાઇ પટેલ, મૌલિક સુરેશભાઇ પટેલ, સંજય જયંતિલાલ પટેલ, નિલેશ જયંતિલાલ પટેલ, હિમાંશુ સુમનભાઇ શાહ વિ.ની ધરપકડ કરી હતી. બીજા બનાવમા અજબડી મીલના ખુલ્લા કમ્પાઉન્ડમાં ધમધમતા જુગાર પર પોલીસે દરોડો પાડ્યો હતો. રોકડ મોબાઇલ ફોન પત્તાપાના સહીત અંદાજે રુપીયા ૧.૩૪ લાખનો મુદ્દામાલ કબ્જે લીધો હતો. પાણીગેટ પોલીસે જુગાર ધારા હેઠળ જાવેદ ઉર્ફે પીન્ટુ અબ્દુલસત્તાર મન્સુરી હનીફ ઉર્ફે લાલો ગુલામમુસ્તુફા શેખ, ધર્મેન્દ્ર નારાયણ વાઘવાણી ઇલીયાસ સત્તારભાઇ અન્સારી, રજાક હુસેન ડેસુભાઇ ભાંડવાલા, પ્રતાપ સીરવાયકર સહિત ૧૨ શખ્સોની ધરપકડ કરી હતી.ત્રીજા બનાવમાં વારશીયા પોલીસે મીલન પાર્ટી પ્લોટ સામે નારાયણભાઇ વાઘેલાના મકાનમાં દરોડો પાડી ૭ જુગારીયાઓને દબોચી લીધા હતા. પોલીસે રોકડ મોબાઇલ ફોન એક્ટીવા સહિત અંદાજે રુપીયા ૧.૬૦ લાખનો મુદ્દામાલ કબ્જે લીધો હતો. પોલીસે જૂગાર ધારા હેઠળ કલ્પેશ કનુભાઇ દેવીપૂજક, રાજુભાઇ વાઘેલા, અર્જુન સોમાભાઇ વાઘરી સહિત ૭ શખ્સોની ધરપકડ કરી હતી.વાડી પોલીસે બાતમીના આધારે અલગ અલગ બે સ્થળોએ દરોડો પાડી જુગાર રમતા ૧૨ શખ્સોને દબોચી લીધા હતા. પોલીસે રોકડ મોબાઇલ ફોન પત્તાપાના સહિત અંદાજે રુપીયા ૩૩ હજારનો મુદ્દામાલ કબ્જે લીધો હતો. વાડી પોલીસે જુગાર ધારા હેઠળ આકાશ નારાયણભાઇ ચૌહાણ, રાજેશ ભરતભાઇ પઢીયાર, હિતેશ ચૌહાણ, મહેશ સોલંકી, સાગર વસાવા, રવિકુમાર પઢીયાર, રોહીત પઢીયાર, પ્રવિણ પઢીયાર, દિનેશ પવાલો રાણા, અલ્પેશ રાણા, પ્રકાશભાઇ નગીનભાઇ રાણા, કિરણ રાજપુત, વિ.ની ધરપકડ કરી હતી. ડીસીબીના સ્ટાફે બાતમીના આધારે દુમાડ ચોકડી પાસે ધમધમતા જુગાર પર ઓચિંતો દરોડો પાડયો હતો. પોલીસે જુગાર રમતા ૧૨ શખ્સોને દબોચી લીધા હતા. રોકડ પત્તાપાના દેશી શરાબ સહિત અંદાજે રુપીયા બે લાખથી વધુનો મુદ્દામાલ કબ્જે લીધો હતો.પોલીસે દેશી શરાબ અંગે સરોજ માળી વિુધ્ધ અલાયદો ગુનો દાખલ કર્યો હતો તથા જુગાર ધારા હેઠળ સરોજ ભોળાભાઇ માળી, જયેશભાઇ પરમાર, કમલેશ પરમાર, રાજુભાઇ ક્રિશ્ચિન, સુનિલભાઇ વાઘેલા, અનિલભાઇ મિસ્ત્રી, ગોપાલભાઇ તડવી, જીતેન્દ્ર પરમાર સહિત અન્ય શખ્સોની ધરપકડ કરી હતી. ગોત્રી પોલીસે તુલસી શ્યામ મંદિર પાસે ખુલ્લી જગ્યામાં ધમધમતા જુગાર પર દરોડો પાડી ૧૦ શખ્સોને રંગેહાથ પકડી લીધા હતા. પોલીસે અંગ જડતી દાવ પરથી રોકડ પત્તાપાના સહિત અંદાજે રુપીયા ૬૮ હજારનો મુદામાલ કબ્જે લીધો હતો. પોલીસે જુગાર ધારા હેઠળ સંજય ઉગરેજા, રાહુલ વાઘેલા, સુનિલ કાલતનીયા, રવિભાઇ વાઘેલા, સચિન વાઘેલા, અજયભાઇ વાઘરી સહિત ૧૦ શખ્સોની ધરપકડ કરી હતી.ગોત્રી પોલીસે બાતમીના આધારે વાસણા તળાવ મંદિર પાસે ધમધમતા જુગાર પર દરોડો પાડી પાંચ શખ્સોને દબોચી લીધા હતા. પોલીસે રોકડ પત્તાપાના સહિત રુપીયા ૧.૧૫ લાખનો મુદ્દામાલ કબ્જે લીધો હતો. ગોત્રી પોલીસે વિલિયમ એન્થોની દિલીપભાઇ જોષી, ઇરફાન મલેક, નયનભાઇ માળી, મોહસીન બેલીમ, જયશેભાઇ ડાભી, રવિભાઇ રાવળ, તથા હિંમતભાઇ માળીની ધરપકડ કરી હતી.બાપોદ પોલીસે બાતમીના આધારે સયાજીપુરા ટાઉનશીપ ત્રીજી લાઇનમાં ખુલ્લી જગ્યામાં ધમધમતા જૂગાર પર દરોડો પાડી પાંચ શખ્સોને રંગેહાથ પકડી લીધા હતી. રોકડ પત્તાપાના સહિતનો મુદ્દામાલ કબ્જે લીધો હતો. બાપોદ પોલીસે જૂગાર ધારા હેઠળ કુલદીપ બાબુલાલ કુટીલ, મેહુલ બારીયા, વિજય કુટીલ, નિહાલભાઇ કુટીલ તથા રુપસીંગ કુશ્વાહાની ધરપકડ કરી હતી. નંદેશરી પોલીસે બાતમીના આધારે ફાજલપુર ગામ જુની પાણીની ટાંકી પાસે


**M. P. AGRO INDUSTRIES LIMITED**

Reg. Office Add: 924, 9th Floor, Fortune Tower, Sayajigunj, Vadodara - 390005
Website: www.mpagroindustries.in and www.bseindia.com
CIN: L24123GJ1975SGC106981

**NOTICE**

Pursuant to the Regulation 29 read with Regulation 47 of the SEBI (LODR) regulations, 2015, Notice is, hereby given that meeting of Board of Directors of the Company will be held on Thursday, the 20th August, 2020 inter alia to consider and take on record the Unaudited Financial Results for the quarter and three months ended 30th June, 2020. The said notice is also available on www.mpagroindustries.in & www.bseindia.com.

For M. P. AGRO INDUSTRIES LIMITED
Sd/-
(Shamim Sheikh)
Director
(DIN: 02528327)

Date: 13th August, 2020
Place : Vadodara


## આગામી ૫ દિવસ ભારેથી અતિભારે વરસાદની આગાહી, એનડીઆરએફની ટીમ એલર્ટ મોડ પર

(પ્રતિનિધિ) અમદાવાદ,તા.૧૩

ઉત્તર પશ્ચિમ બંગાળની ખાડી અને તેની આસપાસના વિસ્તારોમાં લો પ્રેશર સિસ્ટમ સર્જાવાના કારણે ગુજરાતમાં આગામી પાંચ દિવસ સુધી ભારે વરસાદની સંભાવના છે. હવામાન વિભાગની આગાહી અનુસાર, હાલમાં ગુજરાતમાં ૨ જેટલી વરસાદી સિસ્ટમ સક્રિય છે, સાયક્લોનીક સર્ક્યુલેશન અને લો પ્રેશર સક્રિય થવાના પરિણામ રૂપે રાજ્યમા ૧૭ ઓગસ્ટ સુધી ભારેથી અતિભારે વરસાદની આગાહી કરવામાં આવી છે. હવામાન વિભાગે આ અંગે એલર્ટ પણ જારી કર્યું છે. હવામાન વિભાગ દ્વારા રાજ્યના મોટાભાગના જિલ્લાઓમાં ભારેથી અતિભારે વરસાદ થાય તેવી શક્યતા દર્શાવવામાં આવી છે. ખાસ કરીને સૌરાષ્ટ્ર અને કચ્છમાં ભારેથી અતિ ભારે વરસાદની આગાહી છે. હવામાન વિભાગના અમદાવાદ કેન્દ્રએ દક્ષિણ ગુજરાતના નવસારી, વલસાડ ઉપરાંત સૌરાષ્ટ્રના દેવભૂમિ દ્વારકા, જામનગર સહિતના મોટાભાગના જિલ્લામાં તેમજ દીવ દમણ અને દાદરાનગર હવેલી સહિત વિસ્તારોમાં રેડ એલર્ટ આપ્યું છે. ભારે વરસાદની આગાહીના પગલે રેડ એલર્ટને ધ્યાને રાખી તકેદારીના ભાગરૂપે માછીમારોને ૧૭ ઓગસ્ટ સુધી દરિયો ન ખેડવા માટેની પણ સલાહ આપવામાં આવી છે

હવામાન વિભાગના જણાવ્યાં પ્રમાણે, રાજ્યમાં ભારે વરસાદથી કાચા અને જર્જરીત મકાનો તેમજ રસ્તાઓને નુકસાન થઈ શકે છે. ભારે વરસાદના કારણે નીચાણવાળા વિસ્તારોમાં પાણી પણ ભરાવાની સમસ્યા ઉભી થઇ શકે છે. આ સિવાય રાજ્યમાં વિઝિબિલિટી ઘટી શકે છે, જેના કારણે અકસ્માતનું પણ જોખમ વધી શકે છે, જેને લઇ હવામાન વિભાગે તમામ લોકોને સતર્ક રહેવા અપીલ પણ કરી છે. આજથી ૧૭ ઓગસ્ટ સુધીમાં વિવિધ વિસ્તારોમાં ભારેથી અતિભારે વરસાદની આગાહીને પગલે રાજ્યના મોટાભાગના જિલ્લાઓમાં એનડીઆરએફની ટીમો પણ સ્ટેન્ડ ટુ કરી દેવામાં આવી છે. ૧૪ ટીમોને હાલ રાજ્યના મોટાભાગના શહેરોમાં તૈનાત કરી દેવામાં આવી છે. જેમાં સુરત માં ૧, વલસાડ માં ૧, નવસારી ૧, પોરબંદર માં૧, ભાવનગર માં૧, અમરેલી માં ૧, દેવભૂમિ દ્વારકા માં ૧, ગીર સોમનાથ માં ૧, પાલનપુર ૧, જામનગર માં ૧, મોરબી માં ૧, કચ્છ માં ૧ , અને પાટણ માં ૧ટીમ મોકલવાનો આવી છે, જ્યારે ૨ ટીમોને રિઝર્વ રાખવાનો નિર્ણય લેવાયો છે. જેમાં ૧ ગાંધીનગર અને ૧ ટીમ વડોદરા ખાતે રિઝર્વ રાખવામા આવી છે. આ ટીમોને જરૂર જણાશે તો જ ઉત્તર ગુજરાતમાં મોકલવામાં આવશે જ્યારે સૌરાષ્ટ્ર અને કચ્છ અને દક્ષિણ ગુજરાતમાં એનડીઆરએફની ટીમ યથાવત રાખવામાં આવશે. સાથે રાજ્ય સરકાર પણ ભારે વરસાદને લઇ સતર્ક થઇ છે, મોટાભાગના જિલ્લાઓમાં કલેક્ટર સાથે પરિસ્થિતિ અંગેનો સતત ચિતાર મેળવી રહી છે.

પ્રાપ્ત માહિતી અનુસાર, આવતીકાલે ૧૪ ઓગસ્ટના રોજ નવસારી, વલસાડ, દમણ, દાદરાનગર હવેલી, નર્મદા, ભરૂચ, સુરત, ડાંગ, તાપી, જૂનાગઢ અને ગીર સોમનાથ, ૧૫ ઓગસ્ટના રોજ સુરત, વડોદરા, નર્મદા, ભરૂપ, જૂનાગઢ, ગીર સોમનાથ, આણંદ, ડાંગ, તાપી, નવસારી, વલસાડ, દમણ, દાદરા નગર હવેલી તથા કચ્છ તેમજ ૧૬ ઓગસ્ટના રોજ બનાસકાંઠા, દ્વારકા, સાબરકાંઠા, જામનગર, ભાવનગર, પાટણ, ગાંધીનગર, મહેસાણા, કચ્છ, જૂનાગઢ અને ગીર સોમનાથનો સમાવેશ થાય છે.રાજ્યમાં છેલ્લા ૨૪ કલાકમાં સુધીમાં ૩૩ જિલ્લાઓના ૨૩૪ તાલુકાઓમાં ૪૦.૪૫ મી.મી. વરસાદ પડી ચૂક્યો છે. જ્યારે ૧૩ ઓગસ્ટ ૨૦૨૦ સુધીમાં કચ્છમાં કુલ ૪૭૮ મી.મી., ઉત્તર ગુજરાતાં ૩૯૦, સૌરાષ્ટ્રમાં ૬૬૧ મી.મી. તેમજ દક્ષિણ ગુજરાતમાં ૭૬૮ મી.મી. જેટલો વરસાદ નોંધાયો છે. વધુ મળતી માહિતી અનુસાર સૌથી વધુ જાંબુઘોડામાં ૮ ઇંચ જેટલો વરસાદ નોંધાયો છે. તો ડેડિયાપાડામાં સવા ૭ ઇંચ, માંડવીમાં ૬.૬ ઇંચ, સોનગઢમાં ૬.૫ ઇંચ, પારડીમાં ૬.૫ ઇંચ, ગણદેવીમાં ૬ ઇંચ, વ્યારામાં ૫.૫ ઇંચ, વાલોદમાં સવા ૫ ઇંચ, અંકલેશ્વરમાં સવા ૫ ઇંચ, વાંસદામાં ૫ ઇંચ, ચીખલીમાં ૫ ઇંચ, સિદ્ધપુરમાં પોણા ૫ ઇંચ અને વઘઈમાં પણ પોણા ૫ ઇંચ વરસાદ વરસ્યો છે. મળતી માહિતી અનુસાર રાજ્યના કુલ ૨૦૫ જળાશયો ની સ્થિતિ જોઈએ તો ઉ.ગુજરાતના ૧૫, મધ્ય ગુજરાતના ૧૭, દ.ગુજરાતના ૧૩ કચ્છના ૨૦ અને સૌરાષ્ટ્રના ૧૪૦ જળાશયોમાંથી ૩૭ જળાશયો ૧૦૦ ટકા કે તેથી વધુ ભરાઈ ચુક્યા છે. આ પૈકી ૯ જેટલા જળાશયો એલર્ટ પર છે જ્યારે ૧૦ જેટલા જળાશયો વોર્નિંગ પર છે.

## કોરોનાની સારવાર લેતા ફોટોગ્રાફર સહિત વધુ બે દર્દીઓના મરણ

વડોદરા, તા.૧૩

શહેરમાં કોરોનાની સારવાર લેતા ફોટોગ્રાફર સહિત વધુ બે દર્દીઓએ આજે સારવાર દરમિયાન પોતાના જીવ ગુમાવ્યા હતા. ફતેગંજ સેવનસીઝ પાછળ આવેલા નેપ્ચ્યુન ટાવર્સમાં રહેતો અને ફોટોગ્રાફીના વ્યવસાય સાથે સંકળાયેલો ૩૫ વર્ષિય યુવક કોરોનાની ઝપટમાં આવ્યો હતો. સૌ પ્રથમ તેને છાણી ખાતેની ખાનગી હોસ્પિટલમાં દાખલ કરાયો હતો. જે બાદ તા. ૨૯ જુલાઈના રોજ ગોત્રી હોસ્પિટલમાં દાખલ કરાયો હતો. આજે સવારે દર્દીએ અંતિમશ્વાસ લીધો હતો. તેવી જ રીતે સયાજી હોસ્પિટલના કોવિડ કેર સેન્ટરમાં દાખલ નડિયાદના પુરૂષે આજે સવારે સારવાર દરમિયાન પોતાનો જીવ ગુમાવ્યો હતો. છેલ્લા કેટલાક દિવસોથી તેની કોરોનાની સારવાર ચાલતી હતી. પરંતુ તેના સ્વાસ્થ્યમાં કોઈ સુધારો થયો ન હતો. સરકારી પ્રોટોકોલ હેઠળ તેની અંતિમવિધિ તંત્ર દ્વારા હાથ ધરવામાં આવી હતી.પાલિકાએ જાહેર કરેલા આંકડાઓ પ્રમાણે શહેર અને જિલ્લામાં કોરોનાના ૧૦૪ પોઝિટિવ કેસ નોંધાયા હતા. આમ પોઝિટિવ કેસનો કુલ આંક ૫૮૯૮ ઉપર પહોંચી ગયો છે અને સત્તાવાર વધુ એક મૃત્યુ થતાં સત્તાવાર મૃત્યુઆંક ૧૧૪ થયો છે. વડોદરામાં વધુ ૮૦ દર્દીને હોસ્પિટલમાંથી ડિસ્ચાર્જ કરવામાં આવ્યા છે. આમ અત્યાર સુધીમાં કુલ ૪૫૩૮ દર્દી રિકવર થયા છે. હાલ ૧૨૪૬ એક્ટિવ કેસ છે, જે પૈકી ૧૫૪ દર્દી ઓક્સિજન ઉપર અને ૬૦ દર્દી વેન્ટિલેટર ઉપર છે અને ૧૦૩૨ દર્દીની હાલત સ્થિર છે.


**વડોદરા મહાનગર પાલિકા**
www.vmc.gov.in
''જાહેર સૂચના''

આથી વડોદરા શહેર વિસ્તારની જાહેર જનતા તથા અસરકર્તા ધંધાદારી ઇસમોને જણાવવાનું આવે છે કે આગામી તા. ૧૫/૦૮/૨૦૨૦ ને થી તા. ૨૩/૦૮/૨૦૨૦ સુધી કુલ દિવસ -૦૯ દરમ્યાન- ''જૈનોના પવિત્ર પર્વ પર્યુષણ'' તથા તા. ૦૨/૦૯/૨૦૨૦ને બુધવારના રોજ ''અનંત ચર્તુદશી'' નિમિત્તે વડોદરા મહાનગરપાલિકા સંચાલિત કતલખાનું બંધ રહેશે.

વડોદરા શહેરમાં જીવિત પશુ - પક્ષીઓની કતલ તથા તેના વેચાણ કરતા ઇસમોને પ્રતિ વર્ષની જેમ ઉપર જણાવેલ દિવસો દરમ્યાન તેમનો વ્યવસાય બંધ રાખી તેનો ચુસ્તપણે અમલ કરવા સરકારશ્રીએ અનુરોધ કરેલ છે. જેની સર્વે સંબંધકર્તાઓને નોંધ લેવા જણાવવામાં આવે છે.

આરોગ્ય અમલદાર
વડોદરા મહાનગરપાલિકા

પી આર ઓ નં. ૩૯૮/૨૦૨૦-૨૧



INEOS STYROLUTION
Driving Success. Together.

**INEOS STYROLUTION INDIA LIMITED**

**Registered Office :** 5th Floor, Ohm House-II, Ohm Business Park, Subhanpura,Vadodara - 390 023, Gujarat, India.
**CIN:** L25200GJ1973PLC002436
**Tel. No. :** +91 265 2303201, 2303202; **Fax No :** +91 265 2303203
**E mail :** INSTY.secshare@ineos.com **Website :** www.ineosstyrolutionindia.com

**EXTRACT OF UNAUDITED FINANCIAL RESULTS FOR THE QUARTER ENDED JUNE 30, 2020**

(INR in Lakhs except EPS)

| Sr No | Particulars | Quarter ended on June 30,2020 | Quarter ended on March 31, 2020 | Quarter ended on June 30,2019 | For the year ended on March 31, 2020 |
|---|---|---|---|---|---|
| 1 | Total Income from Operations | 11,552.05 | 35,899.65 | 44,347.56 | 1,57,899.91 |
| 2 | Net Profit / (Loss) for the period (before Tax and Exceptional items) | (3,070.87) | 888.92 | 1,432.95 | 2,445.64 |
| 3 | Net Profit / (Loss) for the period before tax (after Exceptional items) | (3,070.87) | 888.92 | 1,432.95 | (1,349.81) |
| 4 | Net Profit / (Loss) for the period after tax (after Exceptional items) | (2,002.51) | 445.26 | 928.67 | (952.26) |
| 5 | Total Comprehensive Income for the period [Comprising Profit / (Loss) for the period after tax and Other Comprehensive Income (after tax)] | (2,020.79) | 442.33 | 886.07 | (973.40) |
| 6 | Equity Share Capital | 1,758.56 | 1,758.56 | 1,758.56 | 1,758.56 |
| 7 | Reserves (excluding Revaluation Reserve) as shown in the Audited Balance Sheet of the previous year | -- | -- | -- | 59,170.03 |
| 8 | Earnings Per Share (of Rs. 10/- each) (for continuing and discontinued operations) Basic and Diluted | (11.39) | 2.53 | 5.28 | (5.41) |

**Notes:**

(1) The above results were reviewed by the Audit Committee and approved by the Board of Directors of the Company at their respective meetings held on August 13, 2020. The audit report does not contain any qualification by the statutory auditors.

(2) The above extract of the detailed format of the financial results for the quarter and year ended on June 30, 2020 filed with the Stock Exchanges under Regulation 33 of the SEBI (Listing Obligations and Disclosure Requirements) Regulations, 2015.The full format of these financial results are available on the Stock Exchange websites (www.bseindia.com/www.nseindia.com) and company's website www.ineosstyrolutionindia.com).

For INEOS STYROLUTION INDIA LIMITED
Sanjiv Vasudeva
Managing Director and CEO

Place : Vadodara
Date : August 13, 2020